કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા. સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૧૭ | ૬ જુલાઈ, ૨૦૨૦, સોમવાર; અષાઢ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૭૨૫ |
| અમદાવાદ | ૧૭૭ |
| ગાંધીનગર | ૧૫ |

# ભારત વિશ્વમાં કોરોના કેસમાં ત્રીજા સ્થાને

**છેલ્લા ૨૪ કલાકમાં ૨૪,૮૫૦ નવા કેસ : દેશમાં કોરોનાના સંક્રમિતોનો આંકડો વધીને ૬,૮૭,૭૬૦ પર પહોંચ્યો : રશિયા કરતા ૬ હજાર કેસ વધુ નોંધાતા ભારત વિશ્વમાં ત્રીજા સ્થાન : યુએસએ અને બ્રાઝીલ પછી ભારત : રિકવરી રેટ વધીને ૬૦.૭૭ ટકા પર પહોંચ્યો, વાયરસથી ઠીક થનારા લોકોની સંખ્યા ૪,૦૯,૦૮૩ પર પહોંચી ગઈ**



ન્યુ દિલ્હી,તા.૫


મોડીસાંજે ભારત ૬,૮૭,૭૬૦ કેસ સાથે વિશ્વમાં કોરોના કેસના મામલે ત્રીજા સ્થાને પહોંચ્યું છે. અમેરિકા અને બ્રાઝીલ બાદ ભારતનું કોરોના સંક્રમિતમાં આવે છે. જ્યારે રશિયા ૬ ઓછા કેસ સાથે ચોથા સ્થાને રહ્યું છે.

અનલોક-૨માં અપાયેલી છૂટછાટો જાણે કે સત્તાવાળાઓ માટે મુશીબત બની રહી હોય તેમ અનલોક-૨ના ચોથા દિવસે એટલે કે ૪ જુલાઈ શનિવારની રોજ સમગ્ર દેશમાં ૨૪ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. અન્ય રીતે કહીએ તો દર કલાકે ૧ હજાર અને દર મિનિટે ૧૭ કેસો નોંધાયા હતા. આજે રવિવારે સવારે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં રેકોર્ડબ્રેક સમાન ૨૪,૮૫૦ નવા કોરોનાવાયરસ કેસ નોંધાયા હતાં. આ સાથે જ દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૬,૭૩,૧૬૫ પર પહોંચી ગઈ છે. અને જો આ જ રીતે કેસો વધશે તો એકાદ-બે દિવસમાં કેસોની સંખ્યા ૭ લાખ પર પહોંચી શકે તેમ છે. આ જ સમય ગાળામાં વધુ કુલ ૬૧૩ લોકોના મોત થયા છે. જેના પગલે કુલ મૃત્યુઆંક વધીને ૧૯,૨૬૮ પર પહોંચી ગયો છે. દેશમાં કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૭૭ ટકા પર પહોંચી ગયો છે જે એક રાહત સમાન કહી શકાય. આ ઉપરાંત ૪ જુલાઈના રોજ ૨,૪૮,૯૩૪ લોકોના ટેસ્ટ કરાયા હતા. જ્યારે, મહારાષ્ટ્રમાં કોરોના

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વનું સૌથી મોટુ ૧૦ હજાર બેડનું કોવિડ કેર સેન્ટર દિલ્હીમાં આરંભાયુ

**કોવિડ સેન્ટર માત્ર ૧૧ દિવસમાં જ તૈયાર કરવામાં આવ્યું છે**



નવી દિલ્હી, તા. ૫

રાજધાની દિલ્હીમાં વિશ્વનું સૌથી મોટું કોવિડ કેર સેન્ટર શરૂ થઈ ગયું છે. ૧૦ હજારની બેડવાળું આ કોવિડ સેન્ટર માત્ર ૧૧ દિવસમાં તૈયાર કરવામાં આવ્યું છે. દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલે રવિવારે અહીંના છત્તરપુરમાં રાધા સ્વામી બ્યાસમાં બનેલા સરદાર પટેલ કોવિડ કેર સેન્ટર એન્ડ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ગૃહમત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને સીએમ કેજરીવાલે હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જે બાદ ન્એ પણ સામે અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. ઢઈર્ઢના વડા જી સતીષ રેડ્ડી અને આઈટીબીપી ચીફ એસ.એસ દેસ્વાલ પણ હાજર રહ્યા હતા. રાધા સ્વામી સત્સંગની જમીન પર બનેલા આ ૧૦ હજાર

● અનુસંધાન પાન-૭ પર

# લદ્દાખમાં સુખોઈ-૩૦ની આકાશમાં ગર્જના

**વાયુસેનાનો જોશ હંમેશાં હાઈ, દરેક યોદ્ધો પડકાર ઝીલવા તૈયાર : હિંદ મહાસાગરમાં ભારત દ્વારા ચીન વિરૂદ્ધ ચોકસાઈ વધારી દેવામાં આવી છે, PLA પર નજર રાખવા માટે P8i એરક્રાફ્ટ તૈનાત કરવામાં આવ્યા છે**

લદ્દાખ, તા. ૫

સરહદ પર ચીનના કોઈ પણ ષડયંત્રને નિષ્ફળ બનાવવા માટે વાયુસેનાએ રવિવારે લદ્દાખમાં પોતાની વાયુ તાકાત બતાવી હતી. એડવાન્સ એરબેઝની પાસે એર ઓપરેશનમાં સુખોઈ-૩૦ સ્ દ્રૈં, મિગ ૨૯ લડાકુ વિમાન, અપાચે હેલિકૉપ્ટરે ઉડાન ભરી હતી. વાયુસેનાએ કહ્યું હતું, કે એરબેઝ પર તૈનાત દરેક હવાઈ યોદ્ધા કોઈ પણ રીતના પડકારોનો સામનો કરવામાં સક્ષમ છે અને તેમનો જોશ હંમેશા હાઈ છે. ગલવાન બાદ અંદમાનમાં ભારતની મોટા પાયે તૈયારી કરેલી છે. હિંદ મહાસાગરમાં ભારતે ચીન વિરૂદ્ધ ચોકસાઈ વધારી દીધી છે. ઁન્છ પર નજર રાખવા માટે ઁટૈ એરક્રાફ્ટ તૈનાત કરવામાં આવ્યા છે. એલએસી પર ભારતના શૂરવીર ચીનની દરેક ચાલને નાકામ કરવા માટે તૈયાર છે. એલએસી પર ભારતના વાયુવીર ચીનને જડબાતોડ જવાબ આપવા તૈયાર થઈ ચૂક્યા છે. આકાશમાં એડવાન્સ મોર્ચે ભારતીય વાયુસેનાના લડાકુ વિમાન હુંકાર ભરી રહ્યા છે અને ચેતવણી આપી રહ્યા છે કે જો ચીને કોઈ દુઃસાહસ કર્યુ તો આ વખતે પરિણામ ગલવાન કરતા પણ ખરાબ આવશે. ચીન સામે વાયુસેનાએ તૈયારી વધારે આક્રમક બનાવી છે. વાયુસેનાના ફાઈટર વિમાનો સુખોઈ-૩૦, મિગ-૨૯ અને અન્ય એરક્રાફ્ટ દ્વારા સતત દિવસ-રાત પેટ્રોલિંગ ચાલી રહ્યું

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૧૪૫૩૨૫૧ | ૫૩૪૮૬૨ | ૬૪૨૩૧૭૨ |
| ભારત | ૬૯૪૮૭૦ | ૧૯૬૮૯ | ૪૨૨૬૦૩ |
| ગુજરાત | ૩૬૧૨૩ | ૧૯૪૫ | ૨૫૯૦૦ |
| ગાંધીનગર | ૮૧૨ | ૫૫ | ૫૩૩ |

## વડાપ્રધાન મોદીએ અમેરિકન સ્વતંત્રતા દિવસે શુભેચ્છા પાઠવી

નવી દિલ્હી, તા. ૫


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના ૨૪૪માં સ્વતંત્રતા દિવસ પર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ત્યાંની જનતાને શુભેચ્છા પાઠવી છે. પીએમ મોદીએ ટ્વિટ કરીને લખ્યું કે, હું અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ત્યાંના લોકોને અમેરિકાના ૨૪૪માં સ્વતંત્રતા દિવસે શુભેચ્છા પાઠવું છું. વિશ્વના સૌથી મોટા લોકતંત્રના રૂપમાં આપણે સ્વતંત્રતા અને માનવ ઉદ્યમને મહત્વ આપીએ છીએ અને તે મૂલ્યોને લઈને આ દિવસની ઉજવણી કરીએ છીએ.

પીએમ મોદીના આ શુભેચ્છા સંદેશ પર અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જવાબમાં જણાવ્યું કે, આભાર મારા મિત્ર. **America Loves India !** અગાઉ અમેરિકાના રાષ્ટ્રપતિએ ભારતીય મૂળના અમેરિકન લોકો તરફથી મળેલા ભારે સમર્થન પર આભાર વ્યક્ત કર્યો હતો. એક સર્વે મુજબ, અમેરિકાના રાષ્ટ્રપતિ માટે નવેમ્બરમાં થનારી ચૂટણીમાં અમેરિકામાં વસતા ૫૦ ટકાથી વધુ ભારતીયોએ ડોનાલ્ડ ટ્રમ્પનું સમર્થન કર્યું છે.

Jio

આપના સિદ્ધાંતો, આપણી કાર્યપ્રણાલી.

"તમામ આપત્તિઓને અવસરમાં બદલીને ભારત વધુ સશક્ત રાષ્ટ્ર બની ઊભરી આવવા સમર્થ છે."



ધીરુભાઈ હીરાચંદ અંબાણી

(૨૮.૧૨.૧૯૩૨ - ૬.૭.૨૦૦૨)

ફાઉન્ડર ચેરમૅન - રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

આપની જિંદગીએ અર્પી આશા અમને,
આપનો વારસો આપી રહ્યો છે અવિરત તાકાત.

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।

આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
અજન્મ અને અમર એવો એ સનાતન સદાય,
ના કોઇને હણે, ના કોઈથી હણાય.

- ભગવદ્ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

પ્રેમાળ સ્મૃતિમાં
કોકિલાબેન ધીરુભાઈ અંબાણી તથા પરિવાર

Reliance Industries Limited
Growth is Life

www.ril.com

## પુલવામામાં આતંકી હુમલામાં ૧ જવાન ઘાયલ

પુલવામા,તા.૫

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ફરીથી એક વખત સીઆરપીએફના કાફલા પર આતંકવાદીઓએ હુમલો કર્યો છે. જેમાં કાફલા પર આઈઈડી બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ ફાયરિંગની ઘટનામાં સીઆરપીએફનો એક જવાન ઈજાગ્રસ્ત થયો છે. આ હુમલો પુલવામાના ગંગૂ વિસ્તારમાં થયો છે.

## મુંબઈમાં સળંગ ત્રીજા દિવસે વરસાદ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

મુંબઈ,તા.૫

મહારાષ્ટ્રમાં સતત ત્રીજા દિવસે મુંબઈ, ઠાણે અને કોંકણ ક્ષેત્રમાં મેઘકૃપા યથાવત્ રહી છે જેને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. મુંબઈમાં રવિવારે સવારથી મેઘો મંડાતા શહેરજનો ખુશખુશાલ થઈ ગયા હતા. હવામાન વિભાગે આગામી ૨૪ કલાક સુધી શહેર તેમજ પરાં વિસ્તારોમાં ભારે વરસાદ સાથે ઓરેન્જ એલર્ટ પણ આપ્યું છે. રાજ્યોના છૂટાછવાયા ભાગોમાં અતિ ભારે વરસાદ પડવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. ભારે વરસાદને પગલે મધ્ય મુંબઈના હિન્દમાતા વિસ્તાર તેમજ પૂર્વનો પરા વિસ્તાર ચેમ્બુર પાણીમાં ગરક થઈ ગયો છે. દક્ષિણ મુંબઈના કાબામાં રવિવાર સવાર સુધીમાં ૧૨૯.૫ એમએમ વરસાદ પડ્યો હતો. જ્યારે સાંતાક્રુઝમાં પણ ૨૦૦.૮ એમએમ વરસાદ નોંધાયો હતો.

## ભારતની પ્રથમ સોશિયલ મીડિયા સુપર એપ 'એલિમેન્ટ્સ' લોન્ચ

ન્યુ દિલ્હી,તા.૫

ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ ભારતની પ્રથમ સોશિયલ મીડિયા સુપર એપ 'એલિમેન્ટ્સ' લોન્ચ કરી છે. અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ એપ્લિકેશનમાં ઓડિયો, વીડિયો કોલિંગ, ગ્રુપ કોલિંગ, ઈ-પેમેન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. સામાન્ય રીતે આ બધી સુવિધાઓના ઉપયોગ માટે આપણે અલગ-અલગ એપ ડાઉનલોડ કરવી પડે છે. આ એપમાં બધી જ સુવિધાઓ એક સાથે મળે છે.

"कर भला होगा भला"

Kadi Sarva Vishwavidyalaya

[University Est.Under State Act of Gujarat, No. 21-2007, UGC Recognized]

B.ED. ADMISSION 2020 - 21

Admission open for NCTE Recognized B.Ed. College. Students taking admission will be benefited by free coaching of TAT, TET & CTET, merit scholarships and excellent placement in CBSE, ICSE and State Board Schools.

R.H. PATEL ENGLISH MEDIUM B.ED. COLLEGE

B. Ed. College Building, Kadi School Campus, Sectcr-23, Gh-6, Gandhinagar, Pin-382023. Contact : 7990590412, 9898301380

Registrar, KSV, Gandhinagar

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat

INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP

ADMISSIONS OPEN 2020-21

School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD

School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector

School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology

Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan

School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.

SWARRNIM EASY FEE
0% Interest Education Loan

Scan to Apply Online ▶▶

Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970

100% Placement in Last 3 Years